MULTIDISCIPLINARY COSMOPOLITAN JOURNAL OF RESEARCH
(MUCOJOR)-2583-9829 (Online)
International Peer Reviewed & Referred Journal
ISSN: 2583-9829, Volume: 01, Issue: 02, December 2023

# ઈનોવેટીવ એન ક્રિએટિવ ટીચિંગ મેથડ પ્રત્યે ઉચ્ચ પ્રાથમિક શાળાના શિક્ષકોના વલણોનો અભ્યાસ

**Dr. Mukeshbhai N Tandel,** Principal, Smt S B Gardi BEd College Dhrol, Dist Jamnagar.

**Abstract**

શિક્ષણ પ્રક્રિયામાં મહત્વના બે ઘટક શિક્ષક અને વિદ્યાર્થી છે. તેમાં શીખવાની ક્રિયામાં નવવિચાર કે સર્જનાત્મકતા લાવવાની કામગીરી શિક્ષકે કરવાની હોય છે. તે માટે શિક્ષક સતત નિરીક્ષણ, શોધખોળ, વિચારણા કે પ્રયોગો કરતાં  રહેવું પડે છે. ઉચ્ચ પ્રાથમિક શાળામાં શિક્ષકોએ ઈનોવેટીવ એન ક્રિએટિવ ટીચિંગ મેથડ જેમકે, Experiential Learning માં: Model Making Activity, Poster Making Activity, Projects, Hands on Activities, Field Visits, Mock Interviews અને Use of ICT tools in Teachingમાં Use of Google Classroom, Use of Google forms for survey, Language Lab, Digital Library, Wi-Fi Internet, LCD Projector, Digital Repository તથા Participative learningમાં Seminar presentation, PPT presentation, Group Discussion, Role Play Activity, Book Review, Guest Lecture તેમજ  Problem Solving Methodologiesમાં Research projects, Statistical & Mathematical Quizzes, Case Studies જેવી બાબતોનો સમાવેશ થાય છે.

**અભ્યાસના હેતુઓ:** ઉચ્ચ પ્રાથમિક શાળા કક્ષાએ અધ્યાપન કાર્યમાં ઈનોવેટીવ એન ક્રિએટિવ ટીચિંગ મેથડ પ્રત્યે શિક્ષકોના વલણો જાણવા, ઈનોવેટીવ એન ક્રિએટિવ ટીચિંગ મેથડના અમલીકરણમાં આવતી શિક્ષકોની મુશ્કેલીઓ જાણવી. **વ્યાપવિશ્વ અને નમૂના પસંદગી:** જામનગર જિલ્લાની ગુજરાતી માધ્યમની જિલ્લા શિક્ષણ સમિતિ સંચાલિત ઉચ્ચ પ્રાથમિક શાળાના શિક્ષકો એ અભ્યાસનું વ્યાપવિશ્વ બને છે. સહેતુક નમુના પસંદગીની પદ્ધતિથી 50 શિક્ષકોની પસંદગી કરવામાં આવી હતી. **અભ્યાસની પદ્ધતિ**માં સર્વેક્ષણ પદ્ધતિમાં શાળા સર્વેક્ષણનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. **ઉપકરણ:** સ્વરચિ વલણ માપદંડનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. અભ્યાસના તારણો: ૧. અધ્યાપનકાર્યમાં ઈનોવેટીવ એન ક્રિએટિવ ટીચિંગ મેથડ પ્રત્યેનું શિક્ષકોનું વલણ હકારાત્મક હતું. ૨. ઈનોવેટીવ એન ક્રિએટિવ પ્રવૃત્તિઓ અનેક અમલમાં મુકેલી હતી 3. અમલીકરણમાં શિક્ષકોને અનુભવાતી મુશ્કેલીઓમાં સાધનસામગ્રીનો અભાવ, અભ્યાસનું વધુ પડતું ભારણ, પરીક્ષાલક્ષી અભિગમ, સમયપત્રકનું બંધન, વિદ્યાર્થીઓમાં શિસ્તનો અભાવ જણાઈ હતી. 4. સ્ત્રી અને પુરુષ શિક્ષકોના વલણોમાં સમાનતા જોવા મળી હતી. 5. અધ્યાપન કાર્યમાં આઈસીટીના ઉપયોગનું જ્ઞાન, ઈંટરનેટ કોમ્પ્યુટર અંગેનું પર્યાપ્ત જ્ઞાન ન હોય તો મુશ્કેલી અનુભવતી હતી.

Key words:**ઈનોવેટીવ એન ક્રિએટિવ ટીચિંગ મેથડ,** પ્રાથમિક શાળા, પ્રાથમિક શિક્ષકો, અભ્યાસ:

## 1. પ્રસ્તાવના

પ્રવર્તમાન યુગમાં કોઈપણ શિક્ષક માટે સૌથી મોટો પડકાર દરેક વિદ્યાર્થીનું ધ્યાન આકર્ષિત કરવું, ધ્યાન કેન્દ્રિત કરવું અને લાંબા સમય સુધી ટકાવી રાખવું એ છે. શિક્ષક અધ્યયન-અધ્યાપનને અસરકારક બનાવવા માટે ઈનોવેટીવ એન ક્રિએટિવ ટીચિંગ મેથડના વિચારોનો અમલ કરે છે જે વિદ્યાર્થીઓ માટે શીખવાના અનુભવને વધુ રસપ્રદ બનાવે છે. વિદ્યાર્થી કેન્દ્રિત શિક્ષણ પદ્ધતિઓ જેવી કે, પ્રાયોગિક શિક્ષણ, સહભાગી શિક્ષણ અને સમસ્યા ઉકેલ પદ્ધતિઓનો ઉપયોગ શીખવાની પ્રક્રિયાને સરળ બનાવે છે. શિક્ષણ કાર્ય વધુ ફળદાયી બનાવી શકાય છે અને શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચેના આંતર સંબંધો પણ ઘનિષ્ઠ બનાવી શકે છે. શિક્ષકને રોચક, રસપ્રદ, વાસ્તવિક અને સાહજિક બનાવવા માટે શિક્ષકે શીખવવામાં સર્જનાત્મક પ્રવૃતિઓનો ઉપયોગ કરવો અનિવાર્ય છે. શિક્ષણ પ્રક્રિયામાં મહત્વના બે ઘટક શિક્ષક અને વિદ્યાર્થી છે. તેમાં શીખવાની ક્રિયામાં નવવિચાર કે સર્જનાત્મકતા લાવવાની કામગીરી શિક્ષકે કરવાની હોય છે. તે માટે શિક્ષક સતત નિરીક્ષણ, શોધખોળ, વિચારણા કે પ્રયોગો કરતાં રહેવું પડે છે. આ બાબતોની સફળતા કે નિષ્ફળતાનો આધાર શિક્ષકની અધ્યયન અધ્યાપન પદ્ધતિમાં સર્જનાત્મકતા લાવવવાના વલણ ઉપર રહે છે. દેસાઈ(2000)ના મત પ્રમાણે 'નૂતન અભિગમ કે નવવિચાર એટલે ચીલાચાલુ પદ્ધતિ, સિદ્ધાંત કે વલણ છોડીને નવા પ્રકારની પદ્ધતિ પ્રમાણે જે પ્રયત્ન કરવામાં આવે તે અભિગમ. અહીં સર્જનાત્મક શિક્ષણ પદ્ધતિ પ્રત્યેનું પ્રાથમિક શાળાના શિક્ષકોનું વલણ કેવું છે? તેના પર તેની શિક્ષણની અસરકારકતા નો આધાર રહેલો છે. ઉચ્ચ પ્રાથમિક શાળામાં શિક્ષકોએ ઈનોવેટીવ એન ક્રિએટિવ ટીચિંગ મેથડ દ્વારા અધ્યયન-અધ્યાપન માટે અનેકે શૈક્ષણિક પ્રવૃત્તિઓ કરી વર્ગખંડમાં જીવંત અનુભવો આપવાનાં હોય છે. જેમકે, Experiential Learning માં: Model Making Activity, Poster Making Activity, Projects, Hands on Activities, Field Visits, Mock Interviews અને Use of ICT tools in Teachingમાં Use of Google Classroom, Use of Google forms for survey, Language Lab, Digital Library, Wi-Fi Internet, LCD Projector, Digital Repository તથા Participative learningમાં Seminar presentation, PPT presentation, Group Discussion, Role Play Activity, Book Review, Guest Lecture તેમજ Problem Solving Methodologiesમાં Research projects, Statistical & Mathematical Quizzes, Case Studies જેવી બાબતોનો સમાવેશ થાય છે. અહીં ઈનોવેટીવ એન ક્રિએટિવ ટીચિંગ દ્વારા વિદ્યાર્થીઓને વિકસાવવાની મોટી તક રહેલી છે. શિક્ષક પોતાનો વિષય શીખવવામાં હકારાત્મક કે નકારાત્મક વલણો ધરાવે છે? આ વલણોના ઘડતરમાં કઈ બાબતો અસર કરે છે? વગેરે જાણવા માટે આ વિષય પણ સંશોધન કરવાનું વિચાર્યું હતું.

### 2. અભ્યાસનું શીર્ષક

ઈનોવેટીવ એન ક્રિએટિવ ટીચિંગ મેથડ પ્રત્યે ઉચ્ચ પ્રાથમિક શાળાના શિક્ષકોના વલણોનો અભ્યાસ.

### 3. અભ્યાસના હેતુઓ

1. ઉચ્ચ પ્રાથમિક શાળા કક્ષાએ અધ્યાપન કાર્યમાં ઈનોવેટીવ એન ક્રિએટિવ ટીચિંગ મેથડ પ્રત્યે શિક્ષકોના વલણો જાણવા.

2. ઉચ્ચ પ્રાથમિક શાળા કક્ષાએ અધ્યાપનકાર્યમાં ઉપયોગમાં લીધેલી ઈનોવેટીવ એન ક્રિએટિવ ટીચિંગ મેથડ પ્રત્યેની પ્રવૃત્તિઓ જાણવી.

3. ઉચ્ચ પ્રાથમિક શાળા કક્ષાએ અધ્યાપન કાર્યમાં ઈનોવેટીવ એન ક્રિએટિવ ટીચિંગ મેથડના અમલીકરણમાં આવતી શિક્ષકોની મુશ્કેલીઓ જાણવી.

4. ઈનોવેટીવ એન ક્રિએટિવ ટીચિંગ મેથડ પ્રત્યે પુરુષ અને સ્ત્રી શિક્ષકોના વલણો જાણવા.

**4. અભ્યાસના પ્રશ્નો**

1. ઉચ્ચ પ્રાથમિક શાળા કક્ષાએ અધ્યાપન કાર્યમાં ઈનોવેટીવ એન ક્રિએટિવ ટીચિંગ મેથડના સંદર્ભે શિક્ષકો કેવાં વલણો ધરાવે છે?

2. ઉચ્ચ પ્રાથમિક શાળા કક્ષાએ અધ્યાપનકાર્યમાં ઉપયોગમાં લીધેલી ઈનોવેટીવ એન ક્રિએટિવ ટીચિંગ મેથડની પ્રવૃત્તિઓ કેવી છે?

3. ઉચ્ચ પ્રાથમિક શાળા કક્ષાએ અધ્યાપન કાર્યમાં ઈનોવેટીવ એન ક્રિએટિવ ટીચિંગ મેથડના અમલીકરણમાં આવતી શિક્ષકોની મુશ્કેલીઓ કેવી છે?

4. ઈનોવેટીવ એન ક્રિએટિવ ટીચિંગ મેથડના સંદર્ભે પુરુષ અને સ્ત્રી શિક્ષકોના વલણોમાં ભેદ છે?

**5. સંશોધન ક્ષેત્ર**

પ્રસ્તુત અભ્યાસનો હેતુ ઈનોવેટીવ એન ક્રિએટિવ ટીચિંગ મેથડના સંદર્ભમાં ઉચ્ચ પ્રાથમિક શાળાના શિક્ષકોના વલણોનો જાણવાનો છે. તેથી પ્રસ્તુત અભ્યાસનું સંશોધન ક્ષેત્ર પ્રાથમિક શાળા શિક્ષણ અને શૈક્ષણિક ટેકનોલોજી હતું.

**શિક્ષણ પદ્ધતિનો અર્થ**: શિક્ષણ પદ્ધતિ એ એક એવી પ્રણાલી છે, જેના દ્વારા શિક્ષક વિદ્યાર્થી સાથે તેના સ્તર પર સંબંધ પ્રસ્થાપિત કરે છે.

**ઈનોવેટીવ એન ક્રિએટિવ ટીચિંગ મેથડનનો અર્થ:** ઈનોવેટીવ એન ક્રિએટિવ ટીચિંગ મેથડ એ માત્ર વર્ગમાં સૌથી અદ્યતન તકનીકનો ઉપયોગ કરવા કે નવીનતમ શિક્ષણ વલણોને સતત પકડવા વિશે નથી પરંતુ તે તમામ નવી શિક્ષણ વ્યૂહરચનાઓનો ઉપયોગ કરવા વિશે છે. જે વિદ્યાર્થીઓ પર વધુ ધ્યાન કેન્દ્રિત કરે છે. વિદ્યાર્થીઓને અધ્યાપન દરમિયાન સક્રિયરીતે જોડાવા, અને તેમને કે સહઅધ્યાયીઓને શિક્ષક સાથે ચર્ચા વાર્તાલાપ કરવા પ્રોત્સાહિત કરે છે. શિક્ષક મુખ્યત્વે વિદ્યાર્થીઓને કેટલું જ્ઞાન આપી શકે છે તેના પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

### ઈનોવેટીવ એન ક્રિએટિવ ટીચિંગ મેથડ:

**Experiential Learning**: Model Making Activity, Poster Making Activity, Projects, Hands on Activities, Field Visits, Mock Interviews.

**Use of ICT tools in Teaching:** Use of Google Classroom, Use of Google forms for survey, Language Lab, Digital Library, Wi-Fi Internet, LCD Projector, Digital Repository.

**Participative learning**: Seminar presentation, PPT presentation, Group Discussion, Role Play Activity, Book Review, Guest Lecture.

**Problem Solving Methodologies:** Research projects, Statistical & Mathematical Quizzes, Case Studies.

**6. નવ સર્જનાત્મક શિક્ષણ પદ્ધતિઓનું મહત્તવ**

ઉચ્ચ પ્રાથમિક શાળા કક્ષાએ શિક્ષકો, વિદ્યાર્થીઓને વધુ રસ લેતા કરી વધુ વ્યસ્ત રાખવા ઉપયોગી થશે. વિદ્યાર્થીઓને વર્ગોમાં કે વર્ગબહાર વધુ સારી રીતે શીખવામાં ઈનોવેટીવ એન ક્રિએટિવ ટીચિંગ મેથડ મદદરૂપ બનશે. ઑનલાઇન વર્ગો, હાઇબ્રિડ શિક્ષણ તરફ પરિવર્તન સૌ એ જોયું, જો કે તેમાં વિદ્યાર્થીઓને, શિક્ષકોને કે શાળાને મદદરૂપ બનશે. શિક્ષક નિસ્તેજ અને શુષ્ક પાઠથી વિદ્યાર્થીઓ કંટાળી ન જાય તે માટે ઈનોવેટીવ એન ક્રિએટિવ ટીચિંગ મેથડ ઉપયોગી સાબિત થશે.

**7. અભ્યાસની ક્ષેત્ર મર્યાદા**

પ્રસ્તુત અભ્યાસ જામનગર જિલ્લાની ગુજરાતી માધ્યમની ઉચ્ચ પ્રાથમિક શાળાઓના શિક્ષકો પૂરતું મર્યાદિત છે.

**8. વ્યાપવિશ્વ અને નમૂના પસંદગી**

જામનગર જિલ્લાની ગુજરાતી માધ્યમની જિલ્લા શિક્ષણ સમિતિ સંચાલિત ઉચ્ચ પ્રાથમિક શાળાના શિક્ષકો એ અભ્યાસનું વ્યાપવિશ્વ બને છે. પ્રસ્તુત અભ્યાસમાં સહેતુક નમુના પસંદગીની પદ્ધતિથી 50 શિક્ષકોની પસંદગી કરવામાં આવી હતી.

**9. અભ્યાસની પદ્ધતિ**

પ્રસ્તુત અભ્યાસમાં વર્ણનાત્મક સંશોધન પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. તેમાં સર્વેક્ષણ પદ્ધતિમાં શાળા સર્વેક્ષણનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**10. ઉપકરણ**

પ્રસ્તુત અભ્યાસમાં ઉચ્ચ પ્રાથમિક શાળા કક્ષાએ ઈનોવેટીવ એન ક્રિએટિવ ટીચિંગ મેથડના સંદર્ભમાં શિક્ષકોના વલણો જાણવાના હેતુસર લીકટ પદ્ધતિ દ્વારા સ્વરચિ વલણ માપદંડનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જેમાં વિભાગ- અમાં કુલ 20 કલમ હતી.

**11. માહિતી એકત્રીકરણની રીત**

સ્વરચિત વલણ માપદંડ ઉપકરણ દ્વારા નમુનામાં સમાવિષ્ટ જામનગર જીલ્લાની ઉચ્ચ પ્રાથમિક શાળાના આચાર્યશ્રીની પૂર્વ મંજૂરી મેળવી, તે શાળાના ઉચ્ચ પ્રાથમિક વિભાગના શિક્ષકોને વલણ માપદંડ આપી માહિતી પ્રાપ્ત કરવામાં આવી હતી. માહિતી ભરવાની સૂચના મુજબ વલણ માપદંડ ભરાવી શિક્ષકો પાસેથી પરત મેળવી માહિતીનું એકત્રીકરણ કરવામાં આવ્યું હતું.

**12. માહિતી વિશ્લેષણની રીત**

પ્રસ્તુત અભ્યાસમાં પ્રાપ્ત માહિતીનું વિશ્લેષણ કરવા માટે ટકાવારી અને કાઈ વર્ગ મૂલ્ય જેવી આંકડશાસ્ત્રીય પ્રયુક્તિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**13. અભ્યાસના તારણો**

પ્રસ્તુત અભ્યાસના તારણો નીચે મુજબ પ્રાપ્ત થયા હતાં.

૧. અધ્યયન કાર્યમાં ઈનોવેટીવ એન ક્રિએટિવ ટીચિંગ મેથડના સંદર્ભે શિક્ષક પોતાના શિક્ષણ કાર્યને વ્યાપક બનાવવા આઈસીટીનો ઉપયોગ, પાર્ટિસિપેટિવ લર્નિંગ, પ્રોબ્લેમ સોલ્વ મેથોડોલોજી અને પ્રાયોગિક કાર્ય કરવાની તરફેણમાં જણાયા હતા. અધ્યાપન મોડેલ, નકશા બનાવવા, આલ્બમબુક, ક્ષેત્રકાર્ય, સમૂહ માધ્યમ જેવી પદ્ધતિ પ્રવૃતિઓ પ્રત્યે હકારાત્મક વલણ હતું. તે અધ્યાપનને સિદ્ધ કરનારી હતી. જ્યારે શિક્ષકોને આચાર્ય-સાથી મિત્રોનો સાથ-સહકાર મળતો હોવાનું જાણવા મળ્યું હતું. અધ્યાપનકાર્યમાં ઈનોવેટીવ એન ક્રિએટિવ ટીચિંગ મેથડ પ્રત્યેનું શિક્ષકોનું વલણ હકારાત્મક હતું.

૨. અધ્યાય-અધ્યાપન કાર્યમાં અમલમાં મુકેલી ઈનોવેટીવ એન ક્રિએટિવ પ્રવૃત્તિમાં મુખ્યત્વે વિશિષ્ટ ઉપકરણોનો ઉપયોગ, મોજણી, ક્ષેત્રકાર્ય, સમૂહ માધ્યમનો ઉપયોગ, નવા અભિગમ અને પ્રયોગો કરવા, ઉપરાંત ઇન્ટરેક્ટિવ પાઠ, વર્ચ્યુઅલ રિયાલિટી ટેકનોલોજીનો ઉપયોગ, મિશ્રિત શિક્ષણ, 3D પ્રિન્ટીંગ, ડિઝાઇન-વિચાર પ્રક્રિયાનો ઉપયોગ, પ્રોજેક્ટ આધારિત શિક્ષણ, પૂછપરછ આધારિત શિક્ષણ જીગ્સૉ(પઝલ), અને ક્લાઉડ કમ્પ્યુટિંગ શિક્ષણ હતી

3. ઈનોવેટીવ એન ક્રિએટિવ પ્રવૃત્તિના કે પદ્ધતિના અમલીકરણમાં શિક્ષકોને અનુભવાતી મુશ્કેલીઓમાં સામગ્રીનો અભાવ, પરીક્ષાલક્ષી અભિગમ, વિદ્યાર્થીઓની સંખ્યા, નવી બાબતો પ્રત્યે ઉદાસીનતા, જેવી બાબતો મુખ્ય હતી. આ ઉપરાંત વિદ્યાર્થીઓમાં શિસ્ત, આર્થિક બાબતો, શાળાકીય કાર્યક્રમોનું ભાર, શિક્ષકોમાં સર્જનાત્મક આવકારનો અભાવ નોંધપાત્ર મુશ્કેલીઓ જણાઈ હતી.

4. સ્ત્રી અને પુરુષ શિક્ષકોના વલણોમાં કોઈ ભેદ જણાયો ન હતો. વલણ હકારાત્મક હતું. બંનેના વલણોમાં સમાનતા જોવા મળી હતી.

5. અધ્યાપન કાર્યમાં આઈસીટીના ઉપયોગનું જ્ઞાન, ઈંટરનેટ કોમ્પ્યુટર અંગેનું પર્યાપ્ત જ્ઞાન ન હોય તો મુશ્કેલી અનુભવતી હતી. કેટલીક મુશ્કેલીઓને કારણે શિક્ષકો ઈનોવેટીવ એન ક્રિએટિવ પ્રવૃત્તિ સરળતાથી અમલમાં કરી શકતા ન હતા એ હકીકત સ્પષ્ટ થઈ હતી.

**Reference:**


- દેસાઇ, કે. જી અને શાહ, જે. એચ. (2002). ***શૈક્ષણિક પરિભાષા અને વિભાવના.*** અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.
- દેસાઈ, એચ .જી અને દેસાઇ, કે .જી (1997). ***સંશોધન પદ્ધતિઓ અને પ્રવિધિઓ.*** અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.
- શાહ, ડી. બી. (1993). ***શૈક્ષણિક પ્રોદ્યોગિકી.*** અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.
- Siddiavi, M. H. (2009). ***Techniques of Teaching.*** New Delhi: A.P.H. Publication Corporation.
- https://www.sarkariyojanaguj.com

Certificate No.:010212202324


**multidisciplinary COSMOPOLITAN JOURNAL OF RESEARCH (MUCOJOR)-2583-9829 (on-line)**

**International Peer Reviewed and Refereed Journal**


# Certification of Publication

The Board of Multidisciplinary Cosmopolitan Journal of Research (MUCOJOR) is hereby awarding this certificate to

**Dr. Mukeshbhai N Tandel**

In recognition of the publication of the paper entitled

ઈનોવેટીવ એન ક્રિએટિવ ટીચિંગ મેથડ પ્રત્યે ઉચ્ચ પ્રાથમિક શાળાના શિક્ષકોના વલણોનો અભ્યાસ

Published in Volume 01, Issue 02, December 2023.

**EDITOR IN CHIEF**